સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

વિશ્વ-શાંતિ પીંખવા ચીન-પાક તૈયાર બેઠાં છે,
હવનમાં હાડકાં નાખવાને તૈયાર બેઠાં છે,
તૈયાર બેઠાં છે વિશ્વમાં આતંકી ચેપ ફેલાવવા -
અફઘાની મલાઈ ખાવા તૈયાર ભાણે બેઠાં છે.
(તાલીબાનને ચીન-પાકનું પ્રોત્સાહન)

હાઈકુ

સ્વાર્થ ખાતર	*જેનાં, તે તેના*
ચીન-પાક થાય છે	*જૂઠુંને અન્યાયી છે*
વિશ્વના વેરી	*અપને વાલા !*
(તાલીબાનને તાલી)	*(કાશ્મીરને તાલીબાની ટેકો)*

ચિંતન

એકશીલવયો વિદ્યાજાતિ વ્યસન વૃત્તય : ।
સાહચર્યં ભવેન્મિત્રભૈભિર્યદ્ધિ તુ સાર્જવૈ: ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે જે વ્યક્તિના સ્વભાવમાં, વયમાં, વિદ્યા અધ્યયનમાં, જ્ઞાતિ, વ્યસન અને આજીવિકામાં સમાનતા હોય છે, તેવાં લોકો નિષ્કપટભાવે પરસ્પરના મિત્ર બની નમ્રતાપૂર્વક સાથે રહી શકે.

જેમનો સ્વભાવ એકસરખો, સ્તરમાં, આનંદમાં, શોખમાં બધી રીતે સમાન હોય એમની મૈત્રી સંભવે - ટકે છે. વયમાં સમાન હોય તો પણ સમાનતા સચવાય, વિદ્યાધ્યયનમાં એક જ ધોરણ સમાન વિષય કે એક જ બાબતનો અભ્યાસ કરતા હોય પછી ભલે ને વય, શોખ, અલગ હોય છતાં એક જ બાબતનો અભ્યાસ કરવાનો હોવાથી મૈત્રી થાય છે. એક જ્ઞાતિના હોવાથી પણ સમાનતા આવે છે. ઘણી વાર પરિચય - સંબંધ ન હોય પણ વ્યસન સરખાં હોય તો પણ મૈત્રી થઈ જાય છે. આજીવિકા સમાન હોય, નોકરી ધંધાવાળા પણ મિત્ર બની જૂથ બનાવે છે.

સુવિચાર

- આપ નિયમ કા પાલન કર ચલનાં નહીં સીખતે...
  આપ ચલકર ઔર ગિરકર ચલતા સીખતે હૈ - **જીવન પાથેય**
- સત્તાધારી દુષ્ટ હોય છતાં તેની પાસે ન્યાયની અપેક્ષા રાખનાર મૂર્ખ છે - **જન્મભૂમિ**
- શ્રદ્ધા નહીં, દૃષ્ટિ જ આપણું પ્રેરક બળ રહો - **સંત રોબિન**
- સફળતા મહેનત નહીં સાચી જગ્યાએ મહેનત માંગે છે - **ડેવીસ વિઠ્ઠલ**
- જ્યારે આંખોમાં કોઈ પણ પ્રકારનું ઝેર નહીં, મુક્ત હાસ્ય દેખાશે,
  ત્યારે લોકોને તમારાં દર્શન કરવાનું મન થશે - **દાદા ભગવાન**
- નર્યા સત્યને સન્માનતા શીખો - **બર્નાર્ડ શો**
- આજનું ઔષધ : જામફળના કુમળા ચાર પાન લઈને ખૂબ ચાવી જવા અને રસ ઊતારી જવો અને કુચો થુંકી નાખવાથી મોઢાના છાલા મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ગુરુકુળનો અભ્યાસ પૂરો કરીને શ્વેતકેતુ ઘરે પાછો આવ્યો. એણે એના પિતાને કહ્યું, 'ગુરુએ મને ઉત્તીર્ણ કર્યો છે. હું બહું શીખીને આવ્યો છું. હું બધું જાણું છું.' શ્વેતકેતુના પિતા ઉદાલક પણ દાર્શનિક હતા. એમણે પુત્ર શ્વેતકેતુને કહ્યું, 'આપણા આંગણામાંના ઝાડ પરથી એક ફળ લાવી આપ. એને જો અંદર શું દેખાય છે ?' ઉદાલકે કહ્યું, 'એમાંથી એક બીજ તોડીને કહો કે એની અંદર શું દેખાય છે?' શ્વેતકેતુએ કહ્યું, એ બીજામાં તો કંઈ જોઈ શકાતું નથી. ઉદાલકે કહ્યું, 'આ સૃષ્ટિચક્રમાં જે નથી, એમાંથી જ સર્જન કે ઉત્ક્રાંતિ થાય છે. કળથી લચેલાં જે વૃક્ષ પરથી તમે આ ફળ લાવ્યા એ વૃક્ષ પણ એકબીજામાંથી ઉગ્યું છે, પણ બીજને તોડીને જોતાં અંદર કંઈ જ દેખાયું નથી. એક વૃક્ષ આવેલા અનેક ફળમાંના અગણિત બીજમાંથી બીજા અનેક વૃક્ષ ઉગશે. કહેવાનો આશય એ છે કે સૃષ્ટિ પરનાં તમામ જીવ કે પદાર્થ શૂન્યમાંથી જ ઉદ્‌ભવ્યા છે. સૃષ્ટિચક્રનો આ જ ક્રમ છે. જીવનનું આ વણઉકેલ્યું રહસ્ય છે. આ શૂન્યવાદ છે. તું ખરેખર ઉત્તીર્ણ તો ત્યારે થઈશ કે જયારે તેં પ્રાપ્ત કરેલાં જ્ઞાન ને સાધીને તું પણ શૂન્ય થઈ જઈશ. શૂન્ય એ જ શિવ.'

પિતા ઉદાલકની સરળ સમજણથી શ્વેતકેતુની આંખો ખુલી.

જુલમી સરકાર સામે દુનિયાનું મૌન

તંત્રીસ્થાનેથી...

દુનિયાના સૌથી ગરીબ અને એટલા જ ખતરનાક દેશોમાં એક સમયના વિશાળ ભારત કે આર્યાવર્તનો હિસ્સો રહી ચૂકેલું અફઘાનિસ્તાન મોખરાની હરોળમાં છે. ખાવાનાં સાંસા છે, છતાં એનો વળ અને વટ અકબંધ છે. જાણે એને સાચવી લેવાની દુનિયાનો ગરજ હોય એમ એનાં જંગલી અને ખૂંખાર હાકેમો મન ફાવે એમ વર્તી રહ્યા છે. એ બધા જાણે છે કે અમેરિકા ધારે તો ગણતરીના કલાકોમાં એમનો સફાયો કરી શકે એમ છે. અગાઉ વીસ વર્ષ પૂર્વે તાલિબાનોને ઊભી પૂંછડીએ ભાગીને ક્યાંક પાકિસ્તાનમાં તો ક્યાંક નજીકના બીજા મુસ્લિમ દેશોમાં સંતાઈ જવું પડ્યું હતું. પરંતુ એ પ્રજાની અંતર્નિહિત તાકાતને દાદ આપવી પડે. અલગ અલગ જૂથોમં વહેંચાયેલા કબીલાઓ અંદરોઅંદર લડતા ઝઘડતા હોવા છતાં ઈસ્લામના નામે ભાગે થઈ જઈ મહાસત્તાઓના નાકે દમ લાવી શકે છે તે આપણે અમેરિકી સેનાની વતન વાપસી દરમિયાન વીજળીવેગે આખા દેશ પર કબજો મેળવી શકેલા તાલિબાની ઝનૂનમાં જોયું છે. અફઘાન સેનાએ રીતસર શરણાગતિ જ સ્વીકારી લીધી અને અમેરિકાની મહેરબાનીથી બનેલા રાષ્ટ્રપ્રમુખ ચુપચાપ ખજાનો હાથવગો કરી અબુધાબી-દુબઈ ભેગા થઈ ગયા. ખુદ અમેરિકા આ બધું જોઈને ચક્તિ થઈ ગયું છે. જો કે વર્તમાન રાષ્ટ્રપ્રમખ પર એની દુનિયા આખીએ માછલાં ધોયાં છે પણ એ પણ સાચું કે અમેરિકાએ અફઘાનિસ્તામાં લોકશાહીનો ઈજારો નથી લીધેલો. ગરજ હોય તો એટલી કે એને એશિયાના કોઈ પણ વિસ્તાર પર હુમલો કરવા અથવા વેપાર વાણિજયના વહેવાર માટે મેદાન તરીકે વાપરી શકાય એમ હતું. ચીને અફઘાનિસ્તાનને જિવાડવાની જવાબદારી સ્વીકારી છે એટલે હવે અફઘાનિસ્તાનના નવા શાસકોને અમેરિકા અને એનાં સમર્થક પશ્ચિમી રાષ્ટ્રો કે ભારતની ગરજ નથી. પાકિસ્તાન માટે અફઘાનિસ્તાન ભારત સામે આતંકની આગ ઓકવા માટેનું હાથવગું માધ્યમ બની રહેવાનું છે. રશિયાને પણ અમેરિકાનો વૈશ્વિક પ્રભાવ ઘટે એમાં રસ હોઈ એણે થોડાક ઈસ્લામિક દેશો અને ચીન તતા પાકિસ્તાન સહિત પોતાનો દૂતાવાસ ચાલુ રાખેલ છે. આ તમામ સ્વાર્થી પરીબળોને અફઘાનિસ્તાનની અખૂટ ખનિજ સંપદામાં રસ છે. વળી પાકિસ્તાન માટે તો એ પોતાની કાખમાં તેડેલા ઈસ્લામિક રાષ્ટ્ર જેવું છે. કહેવા ખાતર તાલિબાન પ્રવક્તા ભલે એમ કહે કે પાકિસ્તાન સહિત કોઈ પણ દેશને અન્ય કોઈ દેશ વિરુદ્ધ આતંક ફેલાવવા અમારી જમીનનો ઉપયોગ નહીં કરવા દઈએ, પણ મામાનું ઘર કેટલે ? નજીકના જ સમયગાળામાં ઈસ્લામના નામે એ પાકિસ્તાનની નાપાક પ્રવૃત્તિઓમાં સામેલ થવાનું જ છે. એની સરકાર પણ પાકિસ્તાનના નિર્દેશો મુજબ બની રહી છે. અંદરોઅંદર કબીલાઓની હૂંસાતૂંસીનો લાભ પાકિસ્તાનની કુખ્યાત જાસૂસી સંસ્થા લઈ રહી છે. સ્ત્રીઓ પર લાદવામાં આવેલા પ્રતિબંધોથી અફઘાનિસ્તાનની તાલિબાન સરકારનું પોત પ્રકાશી ચૂક્યું છે. અગાઉના શાસન સાથે સંકળાયેલા કોઈને હેરાન નહીં કરવાની જાહેરાતો કર્યા પછી તાલિબાનો ઘેર ઘેર જઈને પૂર્વ પ્રશાસન સાથે કામ કરનાર વ્યક્તિઓને ઠાર કરી રહ્યા છે. એક સગર્ભા પૂર્વ પોલીસ અધિકારી મહિલાને એના પતિ અને બાળખોની નજર સામે જ ઠાર મારવાની ઘટના એનો પુરાનો છે. શાળા-મહાશાળાઓમાં સ્ત્રીઓને ભણવાની છૂટ આપી છે પણ કડક શરિયા કાયદાના અમલ સાથે. છોકરાઓ છોકરીઓને જોઈ ન શકે એ રીતે વર્ગોમાં પડદા રાખવાનો હુકમ થયો છે. છોકરીઓએ આંખો સિવાય આખું શરીર ઢાંકીને ફરવાનું છે. આવા જંગલી કાનૂનવાળી તાલિબાન સરકારને પણ માન્યતા આપવાની બાકીની દુનિયાને ગરજ છે તે કેવી વિડંબના છે ! અફઘાન પ્રજાને એના મૂળભૂત માનવાધિકારો અપાવવાની ગુહાર લગાવનારા અહમદ મસૂદ અને પૂર્વ રાષ્ટ્રપતિએ આખરે હથિયાર હેઠાં મૂકી પંજશીરનો હવાલો તાલિબાનને સોંપી દેવો પડ્યો છે. પાકિસ્તાને હવાઈ હુમલા કરીને ખીણ પર કબજો મેળવવામાં તાલિબાનને મદદ કરી ત્યારે અમેરિકા કે પશ્ચિમી દેશો અને ભારત બહેરા કાને અહમદ મસૂદની કાકલૂદી સાંભળતા રહ્યા એ કેવી વિડંબના છે !

ઝાકઝમાળભરી દુનિયાનું સત્ય

મન-રંજન
દ્વનિલ પારેખ



કોરોનાની પહેલી લહેર આવી હતી ત્યારે ઘણા સિને અભિનેતાઓ - અભિનેત્રીઓનાં અવસાનનાં સમાચાર પણ આવ્યા હતા. એમાં ઈરફાન ખાનના મૃત્યુથી વધારે દુ:ખ થયું હતું. આંખો દ્વારા અભિનય કરનાર એ ઉત્તમ અદાકાર હતો. પરંતુ સૌથી વધુ ચર્ચા સુશાંતસિંહ રાજપૂતના અવસાનથી થઈ હતી. આમ તો આ અપમૃત્યુ હતું અને હજી એની પાછળનાં રહસ્યો સ્પષ્ટ થયાં નથી. સુશાંતસિંહ રાજપૂતના મૃત્યુથી વિવાદ એટલો બધો થયો અને ઘણાં મોટાં નામો એમાં સંડોવાયેલા હતા એટલે ચર્ચાઓ પર ધીમે ધીમે પડદો પાડી દેવામાં આવ્યો. સિને અભિનેતાઓ ડ્રગ્સ રેકેટ સાથે પણ સંકળાયેલા હોય છે કે પછી સુશાંતસિંહ રાજપૂત જે રીતે લોકપ્રિય થઈ રહ્યો હતો કે બીજા અભિનેતાઓને ઈર્ષ્યા થાય - આ બધાં કારણોસર એને માનસિક ત્રાસ આપવામાં આવ્યો હોય અને એણે આત્મઘાતી પગલું ભર્યું હતું, એવી બધી જ વાતો સતત એ સમયમાં ચાલતી રહેતી હતી. સુશાંતસિંહ રાજપૂતની મિત્ર રિયા ચક્રવર્તીનું નામ પણ એમાં ઘણી વખત ચર્ચાણાં રહ્યું હતું.

આ ચર્ચા કરવા પાછળનું અત્યારે કારણ ફરી એક યુવા અભિનેતાનું મૃત્યુ છે - સિદ્ધાર્થ શુક્લ. સિદ્ધાર્થ શુક્લ ટીવી સ્ટાર વધારે હતો. સલમાન ખાન સંચાલિત બિગ બૉસમાં એકવાર વિજેતા પણ થયો હતો. હેન્ડસમ પર્સનાલિટી ધરાવનાર સિદ્ધાર્થ શુક્લનું મૃત્યુ પણ અનેક રહસ્યો ઊભાં કરે છે. દિવસ ભારતી નામની અભિનેત્રીએ કે જિયા ખાન નામની અભિનેત્રીઓએ પણ આત્મહત્યા કરી હતી. તો શ્રીદેવીના મૃત્યુ પાછળનું રહસ્ય પણ હજી સુધી કયાં બરાબર જાણી શકાયું છે? સિને અભિનેતા નાની વયમાં આત્મઘાતી પગલું ભરે ત્યારે તર્કવિતર્ક વધી જાય છે. એ હત્યા છે કે આત્મહત્યા ? ત્યાંથી પ્રશ્ન શરૂ થાય છે અને એનાં કારણોની ઊંડી તપાસ કરવામાં આવે તો ઝાકઝમાળ ભરી દુનિયાનાં જુદા રંગો આપણી સામે પ્રગટ થાય છે. સિદ્ધાર્થ શુક્લના મૃત્યુના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ડૉક્ટરોએ કોઈ અભિપ્રાય આપ્યો નથી. આ પોતે પણ એક આશ્ચર્ય છે અને અનેક પ્રકારની શંકાઓ ઊભી કરે છે. મૃત્યુનું કારણ જાણવા માટે પોસ્ટમાર્ટમ કરવામાં આવે છે અને એમાં જ ડૉકટર કારણ ન જણઆવે એ આશ્ચર્યજનક છે.

ઝાકઝમાળ ભરી દુનિયામાં પૈસો અને કીર્તિ એટલાં બધાં અગત્યના બની જાય છે કે વ્યક્તિને પોતાને ભાન રહેતું નથી એ ચકાચૌંધને જ જીવન માની બેસે છે, સફળતા પચાવી શકોત નથી અને જયારે એ ઝાકઝમાળ અદૃશ્ય થઈ જાય ત્યારે એ સહન કરી શકતો નથી અને હતાશા ઘર કરી જાય છે. હરહંમેશ હતાશાને કારણે જ એ આત્મઘાતી પગલું ભરે છે. એમ પણ ન કહી શકાય પણ આ પ્રકારનાં મૃત્યુ અનેક રહસ્યો ઊભાં કરે છે અને સાથેસાથે આ પ્રકારની જિંદગીનો શો અર્થ એવો તાત્ત્વિક પ્રશ્ન પણ ઊભો કરે છે ? પણ જેને ઝાકઝમાલને જ જિંદગીનું સત્ય માની લીધું છે એને કોણ સમજાવે ?

સપનાઓ : આપણા અને આપણાં સ્નેહીજનોના



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

એક ખેડૂત પોતાના દીકરાને ડોક્ટર બનાવવા ઈચ્છતા હતા. ખેડૂત પિતા પોતે પણ સ્નાતક હતા છતાં પોતાની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે ખેતી કરતા હતા અને એવી જ નબળી આર્થિક પરિસ્થિતિને કારણે પોતાની તીવ્ર ઈચ્છા હોવા છતાં, ભણવામાં હોશિયાર હોવા છતાં પોતે ડોક્ટર ન બની શક્યા તેનો તેમને રંજ હતો. એ રંજને કારણે જ, ડોક્ટર બનવાની પોતાની ઈચ્છા પૂરી ન થઈ શકી એટલે જ પોતે ઈચ્છતા હતા કે પોતાનો પુત્ર ડોક્ટર બને. સામાન્ય રીતે મોટાભાગનાં કિસ્સામાં આવું બનતું હોય છેકે માં-બાપ જે ના બની શક્યા હોય એ પોતાના બાળકો બને એવું તેઓ ઈચ્છતા હોય છે.

એ ખેડૂત પિતાના પુત્રની ઈચ્છા કંઈક જુદી જ હતી, તેનું ધ્યેય કંઈક અલગ જ હતું. પુત્ર પાંચમા ધોરણમાં અભ્યાસ કરતો હતો ત્યારથી તેણે પોતાના મનમાં એક ગાંઠ બાંધી લીધી હતી કે પોતેનેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં અભ્યાસ કરશે અને એક મોટો અભિનેતા બનશે. પુત્રએ પોતાની ઈચ્છા પિતા સમક્ષ ક્યારેય વ્યક્ત ન કરી. પુત્ર બચપણથી જ અભ્યાસ માટે ઘરથી દૂર શહેરમાં જતો રહ્યો. સ્નાતકના અભ્યાસ માટે દિલ્હી ગયો. સત્તરેક વર્ષની ઉંમરે પુત્ર દિલ્હી ટ્રેનમાં જતો રહ્યો હતો ત્યારે દિલ્હીના એક વિખ્યાત ક્રોસિંગ પાસે ટ્રેન થોડી વાર થોભી. એ ક્રોસિંગ ઉપર ફિલ્મોના મોટા હોર્ડિંગ્સ જોઈને એ પુત્રએ એ સમયે સપનું જોયું કે આ હોર્ડિંગ્સ ઉપર એક દિવસ પોતાની અને પોતાની ફિલ્મોની તસવીરો લાગશે. થયું પણ એવું જ. સમય જતા એ પુત્ર એક વિખ્યાત અને કુશળ અભિનેતા બન્યો. પુત્ર અભિનેતા તરીકે થોડો સફળ થયો ત્યારે તેણે પોતાના પિતાને એક પત્ર લખ્યો અને એ પત્રમાં પિતાની માફી માંગી કે મેં બચપણથી જ તમને મારી ઈચ્છા વિશે ક્યારેય કહ્યું નહીં, તમે મને ડોક્ટર બનાવવા ઈચ્છતા હતા પણ હું તો એક અભિનેતા જ બનવા ઈચ્છતો હતો. પુત્રનો માફી માંગતા પત્રના પ્રત્યુત્તરમાં પિતાએ પત્રમાં લખ્યું ''પ્રિયપુત્ર, તેં તારા સપના વિશે મને ક્યારેય કહ્યું નહીં પણ બેટા, તને શું એમ લાગે છે કે તારી ઈચ્છાની મને ખબર ન હતી? તું અભિનેતા જ બનવા ઈચ્છતો હતો તેની મને શું જાણ ન હતી? હું પણ તારો પિતા છું.''

પોતાના પિતાની ઈચ્છા પૂરી ન કરી શકવાને કારણે પોતાના પિતાની માફી માંગતો પત્ર લખનાર હતા વિખ્યાત અભિનેતા મનોજ બાજપાયી અને તેના પિતાનું નામ રાધકાન્ત બાજપાયી. બધા જ સંબંધોની જેમ પિતા-પુત્રના સંબંધો પણ અલૌકિક હોય છે. આમ છતાં પિતા-પુત્રના સંબંધોના સમીકરણો સમજવા અશક્ય તો નહીં પણ મુશ્કેલ તો હોય જ છે. આ સંબંધોની બારીકાઈઓ ઘણીવાર પિતા-પુત્ર પોતે પણ આસાનીથી સમજી શકતા હોતા નથી. એ સંબંધોના રહસ્યો અને બારીકાઈઓ ઘણીવાર મોડે મોડે સમજાતા હોય છે.

મનોજ બાજપાઈ અને તેના પિતાના કિસ્સામાં જે રીતે બન્યું એવું મા-બાપ અને તેના બાળકોના જ સંબંધોમાં બનતું હોય છે એવું નથી. અન્ય સંબંધો જેવા કે પ્રિયતમ-પ્રિયતમા, પતિ-પત્ની, ભાઈ-ભાઈ, ભાઈ-બહેન કે બે મિત્રોના સંબંધોમાં પણ આવું ક્યારેય બનતું હોય છે. આપણા સંબંધીની આપણા પ્રત્યે અપેક્ષા કંઈક જુદી હોય, આપણને તેની અપેક્ષાની અક્ષરશ: જાણ હોય, આપણા સંબંધી એક આશા રાખીને બેઠા હોય કે સમય આવ્યે આપણે તેમની અપેક્ષા આપણે પૂરી કરી કરશું. તેમની અપેક્ષા આપણે પૂરી કરશું એ આશાએ તેઓ આપની પાછળ સમય, શક્તિ અને પૈસા પણ ખરચતાં હોય છે. એ જ સમય દરમિયાન આપણા મનમાં કંઈક જુદી જ રમતો ચાલતી હોય, આપણે આપણા સંબંધની અપેક્ષાથી કંઈક જુદું જ કરવા માંગતા હોઈએ. આપણા પાસાઓ આપણે એવી રીતે જ ચાલતા હોઈએ કે આપણે ધારેલું જ થાય, નહીં કે આપણા સંબંધીએ અપેક્ષા રાખી હોય એવું થાય. આ પ્રકારની રમત દરમિયાન આપણે સતત એક ભ્રમમાં રહેતા હોઈએ છીએ કે આપણે જે કંઈ કરીએ છીએ તેની આપણા ઉપર અપેક્ષા રાખીને બેઠેલા સંબંધીને ખબર નથી. આપણે એમ માનતા હોઈએ છીએ કે ''આપણે વધારે હોંશિયાર છીએ.'' આ પ્રકારની હોશિયારીમાં આપણે કેટલીયે વાર આપણા સંબંધની બાજી ઉલટી કરી નાખતા હોઈએ છીએ. આપણા સંબંધીઓએ આપણી પાછળ નિવેશ કરેલા સમય, શક્તિ અને પૈસાને વેડફી નાખતા હોઈએ છીએ. ચાલો, સમય, શક્તિ અને પૈસા તો ઠીક પણ આપણે એવું માનીને આ બધું કરતા હોઈએ છીએ કે આપણા સંબંધી અંધારામાં છે, આપણે જે કંઈ કરીએ છીએ તેની તેમને ખબર નથી. હકીકતમાં આ આપણો સૌથી મોટો ભ્રમ હોય છે, કદાચ, આપણી બહુ મોટી ભૂલ હોય છે.

મનોજ બાજપાઈના પિતાએ પત્રમાં લખ્યું એમ શું આપણે શું કરવા ઈચ્છીએ છીએ કે આપણે શું કરી રહ્યા છીએ એની આપણા સંબંધીને ખબર નથી હોતી? જેમ મનોજ બાજપાઈને તેના પિતાએ કહ્યું કે ''હું તારો પિતા છું'' એમ આપણે જેમની અપેક્ષાઓને ધૂળમાં મેળવવા કોશિશ કરતા હોઈએ છીએ એ પણ આપણા પિતા, આપણી માતા, આપણા ભાઈ કે બહેન, આપણી પ્રિયતમા કે પ્રિયતમ કે આપણા પતિ, પત્નિ કે મિત્ર હોય છે. તેઓને વહેલા કે મોડા બધી ખબર પડી જ ગયેલી હોય છે છતાં તેઓ જાણી જોઈને મૌન રહેતા હોય છે. આપણી સાથેના સંબંધોને સાચવવા તેઓ ચૂપ રહેતા હોય છે.

મનોજ બાજપાઈએ પોતાના પિતાના સપનાઓને પૂરાં ન કર્યા ત્યારે તેના પિતાના હૃદયને પણ ઠેસ પહોંચી હશે. તેના પિતાને પણ પીડા થઈ હશે અને તેમના હૃદયમાંથી પણ વેદનાની એક ટીસ નીકળી ગઈ હશે. આમ છતાં પોતાના પુત્રએ અભિનેતા બનવાના ખુદના સપનાઓ સાકાર કર્યા, તેમાં એ સફળ થયો તે બદલ રાજીપો પણ વ્યક્ત કર્યો હશે અને તેનું ગૌરવ પણ લીધું હશે. આમ સંબંધો અને સંબંધીઓ આખરે તો પોતીકા જ હોય છે અને પોતીકા બનીને જ રહેતા હોય છે. એ સંબંધોને આપણે ક્યારેય નજરઅંદાજ ન કરીએ. તેઓએ જોયેલા સપનાઓ ભલે આપણે પૂરા ન કરવા ઈચ્છતા હોઈએ, પૂરા ન કરી શકીએ, આપણે આપણા સપનાઓ પાછળ ભલે સતત દોડતા રહીએ પણ તેઓ ને આપણે ક્યારેય અંધારામાં ન રાખીએ. અલબત, સાચા સંબંધો હંમેશા દરિયાદિલ હોય છે છતાંપપછતાં આપણી પણ એક ફરજ બની રહેતી હોય છે કે તેમની દરિયાદિલીને પૂરતું માન સન્માન આપીએ. તેની યોગ્ય કદર કરીએ.

ચૂંટણી જાહેરાત થતાં ઉમેદવારો ધૂમધડાકા સાથે વરસી પડવા સજીધજીને તૈયાર થઈ ગયા છે

નવાં કલેવર
નટવર હેડાઉ

વરસાદ પડે કે ન પડે શહેરમાં મતદારો પર હવે વચનોની ઝડી વરસી પડવાની છે તે નક્કી. વરસાદની આગાહીઓ છતાં છાંટણા કરતો હોય કે જરા સ્પ્રે મારીને જતો રહેતો હોય તેમ વરસાદ નગરજનોને તડપાવી રહ્યો છે. પણ ચૂંટણી જાહેરાત થતાં ઉમેદવારો ધૂમધડાકા સાથે વરસી પડવા સજીધજીને તૈયાર થઈ ગયા છે. ફરીથી માઈકવાળી રીક્ષાઓ ફરવાની શરૂ અને કાર્યકરોના ટોળાંને લઈ ઉમેદવારો કઈ કેસરીયા પીસ ધારણ કરી નીકળશે તો કોઈ લાલ લીલા ખેસ ધારણ કરી એડી ચોટીનું જોર લગાવવા સાબદા થઈ નીકળી પડશે. આ વખતે ટોપીવાળા પણ આવી ગયા છે. તેમની સાથે ભળી જવા કેટલાક તૈયાર તો છે પણ તેમનું નિશાન જોતાં મન કચવાય છે.

શહેરની સમસ્યાઓ તો ઠેરની ઠેર છે. કેટલાક રસ્તાઓ બંધ હોવાતી વાહન ચાલતો અટવાયા છે. કયાંક રાત્રે સ્ટ્રીટ લાઈટ ઝબુક ઝબુક થતી જોવા મળે છે. તો કયાંક સાવ અંધકાર છવાયેલો જોવા મળે છે. રસ્તાની બંને બાજુ ઝાડીમાં ઝૂંપડાઓ વધતા જા છે. પણ તેનાથી વધુ છાપામાં કોરોનાની ત્રીજી લહેરની વાતો થી લોકો ફફડે છે. તેનો લાભ આ ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવારો પોતાની રીતે લેવા ઘેર ઘેર ફરી કુટુંબ દીઠ સેનેટાઈઝર અને માસ્કનું વિતરણ કરતાં જોવા મળી રહ્યા છે.

શાળાઓ શરૂ થઈ છે. તેનો લાભ પણ કંઈ જતો કરાય ખરો. લાલો લાભ વિના લોટે નહીં. ઉમેદવાર ચૂંટણી વગર કંઈ વિદ્યાદાન માટે વિચારે નહીં. હાં એક ઉમેદવારે બાળકો દીઠ અડધો ડઝન નોટબુકોનું વિતરણ શરૂ કરી દીધું છે. કોઈ હોસ્પિટલમાં જઈ દર્દીઓને ફળોનું વિતરણ કરવા લાગ્યા છે. મતદારોને પણ મજા પડી ગઈ છે. તમારે જે આપવું હોય તે આપી જાવ. અમે તો બધાને કહીએ છીએ કે મત તો તમને જ આપીશું. વધુ દબાણ કરે તો મતદાર મલકે છે પણ મન કળવા દેતા નથી. કેટલાક ઉમેદવારો બોલકા છે પણ જાત જાતના વચનોની લ્હાણી કરવા લાગ્યા છે. કેટલાકના વતી કાર્યકરો બોલે છે ને નેતાજી હાથ જોડી કૃપા દૃષ્ટિ પામવા મત આપવા વિનવે છે. શહેરની હરિયાળી માટે તમારું શું આયોજન છે ? અથવા ગેરકાયદેસર દબાણો દૂર કરવા તમે શું કરશો ? વિકાસની વાતો તો બધા કરે છે પણ કોઈ ચોક્કસ યોજના કે વિચાર અંગે પુછવામાં આવે તો મોટાભાગના થોથવાઈ જાય છે. આવા લોકો ચૂંટાઈને પણ પ્રજાનું શું ભલું કરશે તે મતદાર વિચારતો હોય છે.

ભાદરવો મહિનો શરૂ થઈ ગયો છે. રોચગાછો ફાટી નીકળ્યો છે. તાવ, ડેન્ગ્યુ, ચિકનગુનિયાના રોગોએ માથું ઊંચક્યુ છે. તેમાં સ્વચ્છતા માટે ઝાડું લઈ મંડી પડવાની જરૂર છે. કાદવમાં કમળ ખીલવવાની જરૂર છે તો જ મતદારના આશીર્વાદનો હાથ તમારા તરફ લંબાશે અને બટન દબાશે. બાકી મંદિરે મંદિરે માથે ટેકવી લોકોની ધર્મભાવનાને ઉશ્કેરકવાથી જાતિ આધારીત મતો મેળવવાની કોશિશ કેટલી સફળ થશે તે તો સમય જ કહેશે. વધી રહેલાં દબાણો અને રસ્તાઓમાં પડેલા ખાડા કદાચ તમારા મળનારા વોટમાં પણ ખાડા પાડી દે તો કંઈ કહેવાય નહીં.

એક તરફ બધી વસ્તુના ભાવ વધતા જતા હોય મોંઘવારી માઝા મુકતી હોય ત્યારે ઊંટના મોંમાં તણખલું આપવા જેવી જાહેરાતોથી મતદારોને રાજી કરવા અને ફલાયઓવર બતાવી વિકાસની ગાડીને પુરઝડપે દોડતી બતાવી દિવાસ્વપ્નમાં મતદારોને રાચતા કર્યા છે તે જાગીને વાસ્તવિકતા જૂએ તે પહેલાં મતક્ષેત્રમાં મત પડી જાય તેમ બધા ઉમેદવારો ઈચ્છે છે. પણ પેલો મતદાર શું વિચારતો હશે ?

શ્રેષ્ઠતા ઉપર કોઈનો ઈજારો નથી, એ કર્મ સંલગ્ન ફળ છે!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

હાથની બંધ મુઠ્ઠીમાંતી ધીમે ધીમે પકડેલી રેતી જેમ સરકી જ જાય છે એમ સમય પણ આપણો આપણી સાથે હોવા છતાં એ સરકતો જાય છે. નદીનું વહેવું એ તેની આગવી જીવનશૈલી હોય છે અને એ પીવા લાયક જળ આપવા સક્ષમ રહે છે. પર્વતો અને વૃક્ષો તેના પોતિકા પ્રાગટ્યના લીધે પર્યાવરણ શુદ્ધિકરણમાં યોગદાન આપતા રહે છે. અગ્નિ અને તેજના તત્ત્વો પણ કોઈની શેહશરમ કે આદેશને આધીન કદી હોતા નથી માટે એ ઊર્જાનું વહન કરી કે પ્રકાશના પુંજને અન્ય કાજે સદા પ્રાર્થના કરે છે. ઈશ્વરની બધી જ કૃતિ તેના મૌલિકપણાનાં કારણે ઉચ્ચ શ્રેષ્ઠ અને સ્વીકૃત જણાય છે. વેદોમાં પણ વર્ણન છે કે હે માનવ તું દેશ માટે અને અન્ય માટે શ્રેષ્ઠ યોગદાન કર અને માતૃભૂમિની સેવાનું કર્મ કર - પરંતુ એ બધામાં આજના સમયમાં કોને રસ પડે છે ! આ ચિંતાનો વિષય છે. જેના વિચારો ઊભા થાય એ મુજબ વ્યવહારો સમાજમાં દેખાય એટલે વિચારબીજ જ બગડ્યા છે અને તેના કારણો પુષ્કળ છે. પ્રથમ વાત આવે છે કર્મની - કર્મ કરવાનું બધા માટે ફરજિયાત છે જન્મથી મૃત્યુ સુધી કર્મ કર્યા વિના કોઈ રહી શકતું નથી ! કર્મ એ પાયો છે એ પ્રથમ પગથિયું હોય છે જે ભાવિ નક્કી કરે છે. પરિણામ માનવીના હાથમાં નથી પરંતુ કર્મ તો આપણા બધાના હાથમાં છે કે શું કરવું અથવા નહિ કરવું ! એક સુંદર શૅર સમજવા જેવો છે.

'કર્મ તેરે અચ્છે હે તો કિસ્મત તેરી દાસી હે
ઔર દિલ તેરા અચ્છા હે તો ઘર મેં મથુરા કાશી હૈ'

કર્મ ઉપર જ વિશ્વનું પ્રબંધન કુદરતે ગોઠવ્યું છે. તેમાં પછી ઈશ્વર પણ કંઈ કરી શકતા નથી. કંઈ પણ ના કરવું એ પણ કર્ણ છે. અકર્મ, કર્મ, સદ્‌કર્મ વગેરે વિચારો સાથે સીધો અને ગાઢ સંબંધ ધરાવે છે એક અયોગ્ય વિચાર આચારમાં પ્રગટ થઈ જાય તો વ્યવહારમાં મુશ્કેલી પેદા થઈ જાય. સાવધાન રહીને જીવન જીવવાથી જીવનનો બોજ જરૂર કમ થઈશકે છે એ સૌ ભૂલી રહ્યા છે !

જીવનની પારાવાર મુશ્કેલીઓથી ઘેરાયેલા માનવીને હવે બહુ વિચારવું પણ પસંદ નથી મોટા ભાગના લોકો રોજીંદુ જીવન જીવવાથી ટેવાઈ ગયા છે એ હવે નથી કર્મમાં માનતા કે નથી સૃષ્ટિના સર્જનહારમાં ! જે સહન કરી શકે છે તે જ સર્જન કરવા સક્ષમ બને છે એ ભૂલાઈ ગયું છે. હવે સવાલ એ છે કે દરેક વ્યક્તિ જેને તમે જાણો છો એની અંદર એક એવી વ્યક્તિ છે જેને તમે નથી જાણી શકતા !! સમાજ જીવન પ્રતિદિન રૂક્ષ અને કઠોર થતું જાય છે અને માનસિક રોગીઓ વધતા જાય છે અને તત્વજ્ઞાનમાં પણ કોઈ રુચિ નથી, શ્રેષ્ઠતાનો ખ્યાલ દૂરની વાત લાગી રહી છે એનું કારણ આદર્શની કમી ઉપરાંત મોટિવેશન નથી. કરુણા એ પ્રેમનું ઉચ્ચત્તમ રુપ છે અને નફરત માટે તો આ જન્મ પ્રાપ્ત થયો જ નથી પણ વ્યવહારિક જીવનમાં વિચારોનું ભાથું પ્રતિદિન વિકૃત થઈ રહ્યું છે હજી આપણે જાતિ-જ્ઞાતિના વિષચક્રની બહાર નીકળી શક્યા નથી તો વિકસિત કઈ રીતથી થઈશું ? આ બધું ચિંતનનો વિષય છે. એક સાચી ઘટના જાણવા જેવી છે. અમેરિકામાં અબ્રાહમ લિંકન જયારે રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા તે કર્મ મુજબ જ્ઞાતિની દૃષ્ટિએ ચમાર હતાં અને તેમના પિતાજી બૂટ બનાવવાનું કામ કરતા હતા. એટલે એ વાત સિનેટના અન્ય વર્ગને ખૂંચી રહી હતી, ઠેસ પહોંચી હતી સિનેટમાં જયારે એ પહેલી વખત ભાષણ આપવા ઊભાં થયાં તો એક મેમ્બરે ઊંચા સ્વરમાં કહ્યું મિ. લિંકન યાદ રાખો કે તમારા પિતાજીએ મારા તથા મારા પરિવારનાં બૂટ બનાવ્યાં છે આ સાંભળી બધા એ અટ્ટહાસ્ય કર્યું પરંતુ લિંકન જુદી જ માટીનાં માનવી હતા. તેણે થોડીવારમાં પ્રત્યુત્તર આપ્યો કે મને ખબર છે કે મારા પિતાજી બૂટ ચપ્પલ બનાવવાનું કામ કરે છે તેણે તમારા જ નહિ અહીં બેઠેલા બીજા લોકોના પણ બૂટ બનાવેલા છે પણ એ બૂટ બનાવવામાં મન દઈ આત્માને એ કામમાં જોડે છે એ કામમાં એટલા બધા સમર્પિત થઈ ને કર્મ કરે છે તેની કદી ફરિયાદ આવતી નથી તેના દીકરા તરીકે કઈ કંઈ જરૂર પડે તો હું પણ આ કામમાં તેની સહાયતા કરૂ છું. મને મારા પિતાજી અને તેના કામ ઉપર ખુબ જ ગર્વ છે. આ પ્રકારના જવાબથી સિનેટમાં સન્નાટો વ્યાપી ગયો !

અમેરિકાની સિનેટના ઈતિહાસમાં તેનું ભાષણ આગવું સ્થાન ધરાવે છે. આ ભાષણ બાદ એક નવી થિયરી નિકળી 'ડિગ્નીટી ઓફ લેબર' (શ્રમનું મહત્વ) અને એની અસર એ થઈ જે કેટલા પણ શ્રમિકો કામ કરતા હતા એ લોકોએ તેમના ધંધાને સરનેમમાં ઉમેરી દીધો જેમ કે કોબ્લર (મોચી), શૂમેકર, બુચર, ટેલર, સ્મિથ, કારપેન્ટર, પોટર વગેરે ! અમેરિકામાં આજે પણ શ્રમને મહત્ત્વ આપવામાં આવે છે એટલે એ વિશ્વનાં શક્તિશાળી રાષ્ટ્ર તરીકેની પહેચાન ધરાવે છે. જૂઓ હવે ભારતમાં જયા શ્રમ કર્તાને કોઈ સન્માન નહિ અને જે શ્રમ નથી કરતા તે ઉચ્ચ કોટીનાં ગણવામાં આવે છે. કામ નો કોઈ પણ પ્રકાર હોય દિલથી શ્રેષ્ઠતા પ્રદાન કરવી એ વિચારધારા લુપ્ત થાય પછી બાકી વધે છે જાતિ - જ્ઞાતિના વાડાઓ જેનાથી ઐક્ય તૂટી જાય છે. ટૂંકમાં કહી તો ઉમદા કર્મ કરવાથી બધાનું ભલું થાય અને રાષ્ટ્ર મજબૂત જરૂર થાય છે.

શેર આસ્વાદ :
મૈં ખ્યાલ હું કિસી ઔર કા, મુઝે સોચતા કોઈ ઔર હૈ